# પ્રસન્ન દાંપત્ય

"ભાઈ, તમારું દાંપત્ય ખુબ પ્રસન્ન મધુર છે; અમને એનું રહસ્ય નહીં કહો?"

"બહુ સાદી વાત છે એ તો. અમે નીયમ કર્યો છે કે બધી મહત્ત્વની બાબતોનો નીર્ણય મારે કરવો ને મારી પત્નીએ તે મંજુર રાખવો; એ જ રીતે બધી સામાન્ય બાબતોનો નીર્ણય મારી પત્ની કરે અને મારે તે મંજુર રાખવો. આથી અમારું ગાડું સરસ ચાલે છે ને મઝા આવે છે."

" દાખલા તરીકે?"

"બહુ સરળ વાત છે. જેમકે, ઘરમાં ફ્રીઝ લેવું કે નહીં, રસોઈ શી કરવી, બાળકોએ શું પહેરવું, કયાં સગાં સાથે કેવો સંબંધ રાખવો, કયું પેપર મગાવવું, મુડીનું રોકાણ શેમાં કરવું વગેરે સામાન્ય બાબતો મારી પત્ની નક્કી કરે છે અને તે હું ચુપચાપ સ્વીકારી લઉં છું."

"તો તમારે કઈ વાત નક્કી કરવાની?"

"હું બધી મહત્ત્વની બાબતોનો નીર્ણય કરું છું, જે મારી પત્ની ચુપચાપ સ્વીકારી લે છે– જેમકે, રાસાયણીક કારખાનાં દેશના કયા ભાગમાં નાખવાં, વીએટનામના યુદ્ધમાં અમેરીકાએ કયું વલણ રાખવું, કવીતા છાંદસ હોવી જોઈએ કે અછાંદસ વગેરે પ્રશ્નો વીશે મારો નીર્ણય આખરી રહે છે."

--મહેન્દ્ર મેઘાણી સંપાદીત- **"અરધી સદીની વાચનયાત્રા"** ભાગ-૧ના પાન નં.૧૧૦ ઉપરથી
–**'વીજયા-કલાપી'** ફ્રેન્ટમાં અને **'ઉંઝાજોડણી'**માં, **'સન્ડે મહેફીલ'**-૨૭ માટે પુનર્લેખન: **ttamgajjar@hotmail.com**

# prasanna da'mpatya

**"bha'i, tama'ru da'mpatya khub prasanna madhur ch'e; amane enu rahasya nahi kaho?"**

**"bahu sa'di va't ch'e e to. ame niyam karyo ch'e ke bhadhi mahatvani ba'batono nirn'ay ma're karvo ne ma'ri patnie te manjur ra'khavo; e j rite badhi sa'ma'nya ba'batono nirn'ay ma'ri patni kare ane ma're te manjur ra'khavo. a'thi ama'ru ga'd'u saras cha'le ch'e ne maza' a've ch'e."**

**"da'khala' tarike?"**

**"bahu saral' va't ch'e. jem ke, gharma' friz levu ke nahi, rasoi shi karvi, bal'akoe shun paheravu, kaya' saga' sa'the kevo sambandh ra'khavo, kayu pepar maga'vavu, mud'inu roka'n' shema' karavu vagere sa'ma'nya ba'bato ma'ri patni nakki kare ch'e ane te hun chupcha'p svika'ri laun ch'un."**

**"to tama're kai va't nakki karava'ni?"**

**"hun badhi mahatvani ba'batono nirn'ay karu ch'un, je ma'ri patni chupcha'p svika'ri le ch'e- jem ke, ra'sa'yan'ik ka'rkha'na' deshna' kaya' bha'gma' na'khava', Viet'na'mna' yudhdhma' Amerika'e kayu valan' ra'khvu, kavita' ch'a'ndas hovi joie ke ach'a'ndas vagere prashno vishe ma'ro nirn'ay a'khari rahe ch'e."**

**--Mahendra Megha'n'i** sampa'dit-**"Ardhi Sadini Va'chanYa'tra' ",** bha'g-1na' pa'n –110 uparthi
**-'eBha'rti'**-Romanized Gujra'ti ane 'Unza' Jod'an'i'ma', 'Sund'ay Mahefil' 27 ma't'e punarlekhan: uttamgajjar@hotmail.com

PDF created with pdfFactory trial version www.pdffactory.com